લોક સંવાદ સેતુ  તારીખ : ૨૨/૦૪/૨૦૧૬ તાલુકો: તળાજા

| પ્રશ્ન નં. | રજુઆતકર્તાનુ નામ અને સરનામુ | પ્રશ્ન/રજુઆતની વિગત | જવાબ/નિર્ણયની વિગત | નિરાકરણ કરનારા અધિકારીશ્રીના નામ અને મોબાઇલ નંબર | પેટા વિભાગીય કચેરી | વિભાગીય કચેરી | વર્તુળ કચેરી | નિકાલની સ્થિતી(નિકાલ/પ્રગતી હેઠળ/ નીતી વિષયક) | જો પડતર હોય તો નિકાલની સમયમર્યાદા | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | રાજુભાઇ ગાબરભાઇ સાલકા મુ;- પ્લોટ નં:૨૮-૨૯,બાલાજબરની વાડી તા, તળાજા જી:- ભાવનગર. | ઘર ના દરવાજા ની વચ્ચે વીજપોલ દુર કરવા બાબત. | સદર ગ્રાહક નો વીજપોલ ખસેડવા માટે નુ ભાવપત્રક તારીખ ૩૦-૪-૧૬ સુધી માં પાઠવવામાં આવશે અને અંદાજપત્ર ની રકમ ભરપાઈ થયે થી દિવસ ૧૦ માં વીજપોલ ખસેડી આપવામાં આવશે. | ડી.બી જોષી ના.ઈ મો:૭૫૭૩૦૧૮૨૩૮ | તળાજા-૨ સ.ડી | પાલીતાણા | ભાવનગર | નિકાલ | ૩૦.૦૪.૨૦૧૬ | માન.મંત્રીશ્રી જયંતીભાઈ કવાડિયા દ્વારા સુચના આપવામાં આવેલ છે કે સદર વીજપોલ પી.જી.વી સી એલ. દ્વારા તા ૩૦.૪.૨૦૧૬ ના રોજ સ્વખર્ચે ખસેડી આપેલ છે. |
| ૧૧ | ગોહિલ દિલીપસિંહ નારણભાઈ મુ:ટાઢાવડ તા: તળાજા | વીજ અધિનિયમ ૨૦૦૩ની કલમ -૧૨૬ મુજબ આપેલ કામચલાઉ અકારણી બિલ સામે કરેલ વાંધા અરજી | મુ; ટાઢાવડ તા:તળાજા ખાતે ગ્રાહક નુ ઘરવપરાશ માટેનુ  વીજ ક્નેક્શન નં૬૧૪૬૯૦૦૦૯૮૯ (જુનો ગ્રાહક નં:૩૭૫૬૯૦૦૦૬૮૬ ) થી આવેલ છે. તા:૯/૪/૨૦૧૩ ના રોજ ચેકીગ શીટ નં: ૫૪૨૨ થી ૬૪૦ વોટ નુ બીનાધીકૃત વપરાશ નુ આકાર ણી બિલ રૂ.૧૦૦૧૧.૯૭/- થી તા: ૧૫/૪/૨૦૧૩ ના રોજ ગ્રાહક ને પાઠવામાં આવેલ.પ્રથમ વખત ગ્રાહક ને રૂબરૂ સાંભળી ૧૮% બિલ માફી રૂ.૮૨૦૯.૮૨/- ભરવા જણાવેલ જે ગ્રાહકે રસીદ નં૨૭૮૮૬૯ થી રૂ.૫૦૦૦/- ભરેલ. બાકી રહેલ રકમ ભરવા ગ્રાહક ને ૨/૫/૨૦૧૫ ના રોજ નોટીસ પાઠવેલ.પરંતુ ગ્રાહક દ્વારા નાણા ભરપાઈ ના થતા હાલ ની તારીખે પીજીવીસીએલ કંપની એ કુલ રૂ.૧૩૨૨૬.૭૬/- લેણા નીકળેલ છે. તેમજ ગ્રાહક દ્વારા તા:૧૯/૨/૨૦૧૪ પછી થી વીજબીલ ના નાણા ની પણ ભરપાઈ થયેલ નથી. | ડી.બી જોષી ના.ઈ મો:૭૫૭૩૦૧૮૨૩૮ | તળાજા-૨ સ.ડી | પાલીતાણા | ભાવનગર | નિકાલ | ૦૫/૦૫/૨૦૧૬ | માન.મંત્રીશ્રી જયંતીભાઈ કવાડિયા દ્વારા સુચના આપવામાં આવેલ છે કે સદર ગ્રાહક દ્વારા ગ્રાહક સુરક્ષામાં કરવામાં આવેલ કેસ તા૩૦.૪.૨૦૧૬ સુધીમાં જો પરત લેવામાં આવે તો ગ્રાહકને આપવામાં આવેલ બિન અધીકુત વપરાશના બીલમાં ૫૦% માફી આપવી (કલમ-૧૨૬ અન્વયે). ગ્રાહક શ્રી દ્વારા ગ્રાહક સુરક્ષામાં કરવામાં આવેલ કેસ પરત ખેચી લીધા અંગેની અરજી તા ૩૦.૦૪.૨૦૧૬ના રોજ મળેલ છે. કા.ઈ.,પાલીતાણા દ્વારા સદર કેસની બીલમાં ૫૦% માફી આપી, પ્રશ્નનો નિકાલ કરવામાં આવશે. તા ૦૫/૦૫/૨૦૧૬ ના રોજ ગ્રાહકને ૫૦% બીલ આપેલ છે. |
| ૧૨ | લાલજીભાઈ મોનજીભાઈ ભદ્દ, મુ:- ગઢડા, તા.- તળાજા, જી:- ભાવનગર. | ગ્રાહક ના સર્વે નં.૪૫/૨ માં ગેરકાયદેસર રીતે વીજ-જોડાણ આપેલ હોઈ તપાસ કરી યોગ્ય કરવા બાબત. | સર્વે નં ૪૫/૨માં લાલજીભાઈ મોનજીભાઇ ખેતીવાડીનું કનેક્શન ધરાવે છે. વિરજીભાઈ ઉકાભાઈ ને ખેતીવાડીનું નવું વીજ જોડાણ આપવા માટે લાલજીભાઈ મોનજીભાઇના સર્વે નં ૪૫/૨માં આવેલ ટ્રાન્સફોર્મર સેન્ટર માંથી ટેપિંગ લીધેલ હતું. જેની સામે શ્રી લાલજીભાઈ મોનજીભાઇ દ્વારા વાંધો ઉઠાવામાં આવેલ પરંતુ આ લાઈન અરજદારને કોઈ રીતે નડતરરૂપ નથી કે કોઈ બાંધકામની ઉપર થી નીકળતી નથી. સદર અરજદાર ને તેમના ટી.સી. ઉપરથી આગળ લાઈન લઇ જવા સામે વાંધો છે. પરંતુ, ગુજરાત ઈલેક્ટ્રીસિટી રેગ્યુલેટરી કમિશન, ઈલેક્ટ્રીસિટી સપ્લાય કોડ એન્ડ રિલેટેડ મેટર્સ રેગ્યુલેશન નોટિફિકેશન ૪/૨૦૧૫, તા. ૨૪-સપ્ટેમ્બર-૨૦૧૫ નાં સેક્શન-૫ નાં નિયમ-૫.૧૪ મુજબ આપેલ સત્તાની રૂએ "પી.જી.વી.સી.એલ. ની માલિકી ની હોઈ તે લાઈન માંથી કોઈ પણ કનેક્શન માટે આગળ લાઈન ખેંચવાનો, લાઈન માંથી ટેપિંગ કરી બીજા કનેક્શન સુધી લાઈન લઇ જવાનો તથા વખતોવખત અમલ માં હોય એવી યોજનાઓ અંતર્ગત હયાત લાઈન માં ફેરફાર કરવા માટે કંપની ને કોઈ પરવાનગી લેવાની આવશ્યકતા હોતી નથી. આ લાઈનો તથા ટ્રાન્સફોર્મર સેન્ટર માંથી નિયમ મુજબ તથા તાંત્રિક રીતે શક્ય હોય ત્યાં સુધી નવા કનેક્શન આપી શકાય". સદર અરજદાર ને અગાઉ સ્વાગત કાર્યક્રમ  અંતર્ગત કરેલ અરજી નાં અનુસંધાને અત્રેની કચેરી દ્વારા તા.-૧૯.૦૨.૨૦૧૬ નાં રોજ જવાબ પાઠવી આપવામાં આવેલ છે. | કે ડી પટેલ ના.ઈ મો-૯૯૨૫૨૦૯૨૯૩ | ત્રાપજ સ.ડી | પાલીતાણા | ભાવનગર | નિકાલ | ૨૭/૦૪/૨૦૧૬ | માન.મંત્રીશ્રી જયંતીભાઈ કવાડિયા દ્વારા સુચના આપવામાં આવેલ છે કે  કા.ઈ તથા અધિક્ષક ઇજનેર દ્વારા  ૨૭/૦૪/૨૦૧૬ સુધીમાં સ્થળ તપાસ કરી, નિર્ણય લઈ તેની જાણ ગ્રાહકને કરવી. જેના અનુસંધાને અધિક્ષક ઇજનેરશ્રી ,કાર્યપાલક ઇજનેરશ્રી  તથા નાયબ ઇજનેરશ્રી તા ૨૭/૦૪/૨૦૧૭ના રોજ  સદર સ્થળ તપાસ કરતા સ્થળ પર લાલજીભાઈ મોનજીભાઇ ભદ્દને સમજાવેલ છે કે ટ્રાન્સફોર્મર સેન્ટર માંથી પી.જી.વી.સી.એલના નિયમ મુજબ ટેપિંગ લીધેલ છે. આમ સદર પ્રશ્નનું સ્થળ પર નિરાકરણ કરેલ છે. |
| ૩ | લખધીર સિહ ગોહિલ મુ: પાણીયાળી તા: તળાજા | ભાયાવદર પર વિસ્તાર ને જ્યોતિગ્રામ માંથી પાવર આપવા બાબત | પાણીયાળી ગામના ભાયાવદર વિસ્તાર જો ગામતળમાં સમાવેશ કરવામાં આવેલ હોઈ તો તેના સક્ષમ અધિકારીના  હુકમ ની નકલ આપવી અથવા સદર વિસ્તારને બિનખેતીના હેતુ માટે તબદીલ કરવામાં હોઈ તો તેની સક્ષમ અધિકારીના હુકમ ની નકલ રજુ કરવી ત્યારબાદ તેમને જ્યોતિગ્રામ વીજપુરવઠો જોડી આપવામાં આવશે. સદર બાબત નીતિ વિષયક છે | એચ  જી દુલેરા ના ઈ ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા સ ડી | શહેર વી -૨ | ભાવનગર | નિકાલ | | માન.મંત્રીશ્રી જયંતીભાઈ કવાડિયા દ્વારા સુચના આપવામાં આવેલ છે કે મામલતદારશ્રી, તળાજા  દ્વારા ભાયાવદર વિસ્તારનો ગામતળમાં સમાવેશ કર્યા અંગેનો લેખિત પુરાવા હોય તો જ્યોતિ ગ્રામમાંથી ઘરવપરાશના વીજ જોડાણ આપવા અન્યથા ખેતીવાડી ફીડરમાંથી આપવા. |
| ૮ | જેન્તીભાઈ કે. પંડ્યા , મુ કુંઢડા, તા. તળાજા , જી-ભાવનગર | કુંઢડા ગામ પ્લોટ વિસ્તાર મા સ્ટ્રીટ લાઈટ નો વાયર દોડાવવા બાબત , જે પ્લોટ વિસ્તાર છે તેમાં બિલકુલ અંધારપટ છે. | કુંઢડા ગામ મા ગ્રામપંચાયત સ્ટ્રીટ લાઈટ નું ગ્રાહક નં. ૮૯૨૦૩૧૦૦૪૯૦ નું  ૧કીવો નું વીજજોડાણ હાલ શરુ છે. અન્ય સ્ટ્રીટ લાઈટ ગ્રાહક નં.૮૯૨૦૩૦૦૧૯૪૮ નું વીજજોડાણ વીજલેણું હોય પીડીસી થયેલ છે. જેથી નાયબ ઈજનેર બગદાણા પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદાર ને સદર વીજલેણું ભરપાઈ કરવા અંગે તા.૧૮.૦૪.૨૦૧૬ ના રોજ જાણ કરવામાં આવેલ છે. તદુપરાંત અરજદારની પ્લોટ મા વિસ્તાર સ્ટ્રીટ લાઈટ આપવા ની રજૂઆત અનુસંધાને નાયબ ઈજનેર શ્રી બગદાણા દ્વારા સદર અરજદાર ને જાવક નં.૨૪૬૯ તા.૧૯.૦૪.૨૦૧૬ થી સ્ટ્રીટલાઈટ ના ગ્રાહક નં ૮૯૨૦૩૧૦૦૪૯૦ ના ચાલુ વીજજોડાણ મા લોડ વધારા માટેની અરજી કરવા અંગે જણાવવામાં આવેલ છે. અરજદાર દ્વારા નિયત નમૂનામાં જરૂરી આધાર પુરાવા સાથે અરજી કરવામાં આવ્યે થી આગળની કાર્યવાહી કરવામાં આવશે.. | એ.સી.ગામિત - ૯૬૮૭૬૬૨૭૫૬ | બગદાણા પેટાવિભાગીય કચેરી | મહુવા | ભાવનગર | નિકાલ | | |
| ૯ | ઓધાભાઇ નારણભાઈ સેંતા, મુ ઠળીયા, તા. તળાજા , જી- ભાવનગર | કલમ-૧૩૫ હેઠળ આપેલ પાવર ચોરી બીલ બાબત | ઠળીયા ગામ મા વીજચેકિંગ કરવામાં આવેલ હતું. જેમાં સદર અરજદારના રહેણાંકી મકાન મા તપાસણી કરતા તેમના મકાન નજીક થી પસાર થતી ગાટરવાડા જ્યોતિગ્રામ ફીડર ની હળવા દબાણ ની વીજલાઈન ના એલ.ટી પોલ નં. I.52 પરથી ડાયરેક્ટ જોડાણ(આંકડી)) મારી બિનઅધિકૃત વીજવપરાશ થતો હોવાનું માલુમ પડેલ હોય, સ્થળ પર જોવા મળેલ પરિસ્થિતિ અનુસાર ચેકિંગ અધિકારી દ્વારા ચેકિંગ શીટ નં.૮૧૭૫૫ ભરવામાં આવેલ. ચેકિંગ સમયે સ્થળ ઉપર શ્રી અસ્મિતાબેન હાજર હતા પરંતુ ચેકિંગ શીટ મા સહી કરેલ નહિ. સદર ગ્રાહક ને ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ,સેક્સન ૧૩૫ મુજબ બગદાણા પેટાવીભાગીય કચેરી દ્વારા કંપની ના નિયમ અનુસાર ગણતરી કરી સદર અરજદારને જાવક નં.બીજીએસ/૯૮૪ તા.૨૯.૦૧.૨૦૧૬ થી પાવરચોરી નું બીલ રૂ.૮૭૦૧.૩૧ તથા કમ્પાઉન્ડીંગ ચાર્જ રૂ.૧૦૦૦.૦૦ એમ કુલ રૂ.૯૭૦૧.૩૧ નુ બીલ આપવામાં આવેલ છે.  અરજદાર દ્વારા તા.૧૦.૦૩.૨૦૧૬ ના પત્ર દ્વારા કરેલ રજૂઆત અનુસંધાને નાયબ ઈજનેર શ્રી બગદાણા પેટાવિભાગીય કચેરી દ્વારા તા.૦૪.૦૪.૨૦૧૬ ના રોજ સ્થળ તપાસણી કરવામાં આવેલ હતી જે મુજબ અરજદારના મકાન મા કોઈ કાયદેસરનું વીજજોડાણ હતું નહી., તેમજ ગાટરવાડા જ્યોતિગ્રામ ફીડર ના એલ.ટી પોલ નં. I.52 ની ગલી ની નજીક જ આશરે ૪૦ મીટરે સદર અરજદારનું મકાન આવેલ હોય જોવા મળેલ છે. આમ સદર અરજદારને આપવામાં આવેલ બીલ યોગ્ય અને | એ.સી.ગામિત - ૯૬૮૭૬૬૨૭૫૬ | બગદાણા પેટાવિભાગીય કચેરી | મહુવા | ભાવનગર | નિકાલ | ૨૭/૦૪/૨૦૧૬ | માન.મંત્રીશ્રી જયંતીભાઈ કવાડિયા દ્વારા સુચના આપવામાં આવેલ છે કે અધિક્ષક ઇજનેર દ્વારા ૨૭/૦૪/૨૦૧૬ સુધીમાં સ્થળ તપાસ કરી, યોગ્ય નિર્ણય લઈ તેની જાણ ગ્રાહકને કરવી. જેના અનુસંધાને વર્તુળ કચેરીના ઇજનેર દ્વારા તા ૨૭/૦૪/૨૦૧૬ રોજ સ્થળ તપાસ કરતા,સ્થળ પર ઓધાભઈના પત્ની,ઓધાભઈના ભાઈ શ્રી ભગાભાઈ તથા સરપંચશ્રી, હાજર છે. ઓધાભઈના પત્નીએ સદર સ્થળ પર હાજર અધિકારી ગણ તથા વ્યક્તિઓની સાક્ષીમાં વીજ ચોરી અંગેનો સ્વીકાર કરેલ છે. તેમજ તેઓ વીજ ચોરી બીલની રકમ હપ્તાથી ભરી દેશે તેમજ તેઓ નવા કનેક્શનની માંગણી પર કરી દેશે. |